# દરેક ફેક્ટરીમાં બાળ મજૂરી ગુનો છે તેવા બોર્ડ લગાડવા પડશે

**ટેક્સટાઇલ** ઉદ્યોગમાંથી 86 બાળશ્રમિક મુક્ત કરાવાયા બાદ સુરત શહેર અને જિલ્લા માટે સૂચના



સુરતઃ સુરતમાં તાજેતરમાં ટેક્સટાઇલ ઉદ્યોગમાં વિવિધ સંસ્થાઓ અને પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરી 86 જેટલા બાળશ્રમિકોને મુક્ત કરાવવાની ઘટના સામે આવતા જિલ્લા તંત્ર હરકતમાં આવ્યું છે. બાળમજૂરી જેવી ગંભીર સામાજિક સમસ્યાને રોકવા માટે હવે શહેર અને જિલ્લાના તમામ ઔદ્યોગિક એકમો, ફેક્ટરીઓ, GIDC એસ્ટેટો, બાંધકામ સાઈટો તેમજ જાહેર સ્થળો પર બાળમજૂરી વિરોધી સાઈન બોર્ડ ફરજિયાતપણે પ્રદર્શિત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

જિલ્લા વહીવટી તંત્રના આદેશ અનુસાર તમામ ઉદ્યોગો અને સંસ્થાઓએ પોતાના પરિસરમાં સ્પષ્ટ રીતે દેખાય તેવા સ્થળે "બાળ મજૂરી કાયદેસર ગુનો છે"તેવો સંદેશ આપતા બોર્ડ લગાવવાના રહેશે. આ બોર્ડમાં બાળ અને તરૂણ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ-1986 હેઠળની જોગવાઈઓ, બાળમજૂરી કરાવવાના કાનૂની પરિણામો તેમજ ચાઈલ્ડ હેલ્પલાઈન નંબર 1098 (ટોલ ફ્રી)નો ઉલ્લેખ ગુજરાતી અને હિન્દી ભાષામાં ફરજિયાત રીતે કરવાનો રહેશે. જોખમી ઉદ્યોગોમાં તરૂણોને કામે રાખવા અંગે પણ કાયદાકીય નિયંત્રણો લાગુ પડે છે. બાળમજૂરી કરાવનાર માલિક અથવા સંચાલક સામે 6 મહિનાથી 2 વર્ષ સુધીની સજાની સાથે 20 હજારથી 1 લાખ સુધીનો દંડ ફટકારવાની જોગવાઈ કરવામાં આવી છે.

## દેલાડ ગામમાં બાઈક અડી જવાના મુદ્દે થયેલી હત્યા કેસમાં આરોપી છૂટી ગયો

સુરતઃ બાઈક અડી જતાં થયેલાં ઝઘડામાં હત્યા કેસમાં સંડોવાયેલા આરોપીને સેશન્સ કોર્ટે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કર્યો હતો. ઓલપાડનાં દેલાડ ગામે મરણજનાર દિનેશ રાઠોડ પોતાની મોટર સાઈકલ પર જતા હતા ત્યારે ફળિયામાં રહેતા આરોપી વિશાલ મુકેશકુમાર વસાવા સામે આવી જતા ઝઘડો થતાં આરોપીએ મરણ જનારને ચપ્પુનાં ઘા ઝીંકી હત્યા કરી હતી. આ કેસની ફરિયાદ ઓલપાડ પોલિસ સ્ટેશને નોંધાઈ હતી. કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. આરોપી તરફે એડવોકેટ રોહન કે. પાનવાલા તથા સમીરા એચ. મલેકએ દલીલો કરી હતી. ફરિયાદ પક્ષ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં કોર્ટે આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

### સુરત જિલ્લામાં 16 હજારથી વધુ વિદ્યાર્થી પરીક્ષા આપશે

# આજથી ધોરણ-10 અને 12ની પૂરક પરીક્ષા યોજાશે

**11 જૂનથી 19 જૂન દરમિયાન યોજાનારી પરીક્ષા માટે 34 કેન્દ્ર અને 625 બ્લોક તૈયાર**

**સુરત જિલ્લામાં પૂરક પરીક્ષાની વ્યવસ્થા**

ધોરણ 10 : 34 કેન્દ્ર, 331 બ્લોક, 9,930 વિદ્યાર્થી
ધોરણ 12 સામાન્ય પ્રવાહ : 9 કેન્દ્ર, 88 બ્લોક, 2,640 વિદ્યાર્થી
ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ : 21 કેન્દ્ર, 206 બ્લોક, 4,120 વિદ્યાર્થી
કુલ વિદ્યાર્થીઓ : 16,690
પરીક્ષા સમયગાળો : 11 જૂનથી 19 જૂન, 2026

સુરતઃ આજથી 19 જૂન સુધી સુરત શહેર અને જિલ્લામાં પૂરક પરીક્ષા યોજાશે. આશરે 16હજારથી વધુ વિદ્યાર્થી આ પરીક્ષા આપશે.

ધોરણ 10ની પૂરકપરીક્ષા માટે જિલ્લામાં નિયત કરવામાં આવેલા 34 પરીક્ષા કેન્દ્રોમાં 331 પરીક્ષા બ્લોકમાં 9,930 વિદ્યાર્થી પરીક્ષા આપશે. પરીક્ષા દરમિયાન જરૂરી સુવિધાઓ, બેઠક વ્યવસ્થા તેમજ દેખરેખની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

ધો. 12 સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા માટે 9 કેન્દ્રો પર કુલ 88 બ્લોકની વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં 2,640 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ધો. 12 વિજ્ઞાન પ્રવાહમાં 21 કેન્દ્રો પર 206 બ્લોક ફાળવવામાં આવ્યા છે, જ્યાં 4,120 વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ પૂરક પરીક્ષાનું આયોજન 11 જૂન, 2026થી 19 જૂન, 2026 દરમિયાન કરવામાં આવ્યું છે. પરીક્ષા શાંતિપૂર્ણ અને સુચારુ રીતે સંપન્ન થાય તે માટે શિક્ષણ વિભાગ, પરીક્ષા કેન્દ્રોના સંચાલકો અને સંબંધિત તંત્ર દ્વારા જરૂરી તમામ આયોજન પૂર્ણ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે.

## સુરત સ્ટેશન પર રિડેવલપમેન્ટને કારણે ચાર ટ્રેન ઉધના જ થોભશે

સુરતઃ સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૨, ૩ અને ૪ વચ્ચે 'થ્રૂ રૂફ લોન્ચિંગ'નું કામ ચાલી રહ્યું હોવાથી કેટલીક ટ્રેન સુરતને બદલે ઉધના જ અટકાવી દેવાનો નિર્ણય રેલવેએ લીધો છે. રેલવેના જણાવ્યા અનુસાર ૧૧ જૂનથી કેટલીક ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ અથવા શોર્ટ ઓરિજિનેટ કરવામાં આવશે. ૧૭ જૂનથી ટ્રેન નંબર ૧૨૯૩૫ બાંદ્રા ટર્મિનસ-સુરત સુપરફાસ્ટ એક્સપ્રેસ સુરત સુધી નહીં આવે તેવી જ રીતે ટ્રેન નંબર ૨૦૯૨૫ સુરત-અમરાવતી સુપરફાસ્ટ એક્સપ્રેસ જે ૧૧ જૂનથી ૧૪ જૂન દરમિયાન સુરતને બદલે ઉધના સ્ટેશનથી જ ઉપડશે. ટ્રેન નંબર ૨૦૯૨૬ અમરાવતી-સુરત સુપરફાસ્ટ એક્સપ્રેસ જે ૧૨ જૂનથી ૧૫ જૂન દરમિયાન દોડશે, તે પણ ઉધના સ્ટેશન પર જ ટર્મિનેટ થશે.

## ઉધના - મધુબની વચ્ચે 17 જૂનથી વિશેષ ટ્રેન

સુરત : ઉધના અને મધુબની વચ્ચે 17થી 26 જૂન દરમિયાન પશ્ચિમ રેલવેએ ઉધના અને મધુબની વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લીધો છે. પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ટ્રેન સંખ્યા 09151/09152 ઉધના - મધુબની - ઉધના સ્પેશિયલ ટ્રેન કુલ 8 ફેરા લગાવશે. ટ્રેન સંખ્યા 09151 ઉધનાથી દર બુધવાર અને શુક્રવારે સવારે 08:35 વાગ્યે રવાના થશે અને ત્રીજા દિવસે રાત્રે 04:30 વાગ્યે મધુબની પહોંચશે. આ સેવા 17 જૂનથી 26 જૂન, 2026 સુધી કાર્યરત રહેશે. તેવી જ રીતે, પરત ફરતી ટ્રેન સંખ્યા 09152 મધુબનીથી દર શુક્રવાર અને રવિવારે સવારે 06:30 વાગ્યે ઉપડીને ત્રીજા દિવસે રાત્રે 03:00 વાગ્યે ઉધના પહોંચશે.

## ઉધના-હસનપુર સ્પેશિયલ ટ્રેનનું આજથી બુકિંગ

સુરતઃ રેલવેએ ઉધના-હસનપુર સ્પેશિયલ ટ્રેનના વધુ ૪ ફેરાનો નિર્ણય લીધો છે. આ ટ્રેન ઉધનાથી દર રવિવારે સવારે ૧૧:૨૫ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે રાત્રે ૦૨:૩૦ કલાકે હસનપુર રોડ પહોંચશે. આ ટ્રેન ૨૧ જૂનથી ૨૮ જૂન, ૨૦૨૬ સુધી દોડશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૦૩૨ હસનપુર રોડથી દર મંગળવારે સવારે ૦૪:૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે સાંજે ૧૮:૪૫ કલાકે ઉધના પહોંચશે. ટ્રેન નંબર ૦૯૦૩૧ માટેનું રિઝર્વેશન ૧૧ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૦૮:૦૦ કલાકે શરૂ થઈ જશે. મુસાફરો આ ટ્રેનની ટિકિટ તમામ પીઆરએસ (PRS) કાઉન્ટરો અને આઈઆરસીટીસી (IRCTC) ની સત્તાવાર વેબસાઈટ પરથી બુક કરાવી શકશે.

# વેસુના યુવાનનું ઈન્સ્ટા હેક કરી પોર્ન ફોટા ફરતા કરી દીધા

**યુવાન** ડિજિટલ માર્કેટિંગ કરતો હોવાથી તેના અનેક ફોલોઅર્સ હતા

**ફોલોઅર્સને** ક્રિપ્ટો ફ્રોડમાં ફસાવવા માટે હેકર્સનો કારસો

સુરતઃ ડિજિટલ માર્કેટિંગ કરતાં વેસુના રહેવાસીનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કરીને અશ્લીલ અને પોર્ન વીડિયો તેમજ ફોટોગ્રાફ્સ વાયરલ કરી દીધા હતા.

વાત આટલેથી જ ન અટકીને હેકરે વેપારીના હજારો ફોલોઅર્સને ક્રિપ્ટો કરન્સીના નામે ડિજિટલ ફ્રોડમાં ફસાવવાનો મોટો કારસો રચ્યો હતો. આ મામલે પીડિત વેપારીએ વેસુ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા સાયબર ક્રાઈમની દિશામાં ચકચાર મચી ગઈ છે.

વેસુમાં રઘુવીર સેલ બિલ્ડિંગ પાસે આવેલી આરંભ સોસાયટીમાં રહેતા ૩૦ વર્ષીય સિદ્ધાર્થ સંજય તુલસ્યાન ડિજિટલ માર્કેટિંગનું મોટું કામ કરે છે. ગત તા. ૧૧ એપ્રિલના રોજ હરિયાણા અને નોયડા કનેક્શન ધરાવતા અરૂણ કિશનકુમાર શર્મા નામના ભેજાબાજે ટેકનિકલ કરામત કરીને તેમનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કરી લીધું હતું. એકાઉન્ટ હેક કર્યા બાદ તરત જ હેકર્સે તેમના દ્વારા અગાઉ અપલોડ અગાઉ અપલોડ કરાયેલા તમામ પ્રોફેશનલ વીડિયો અને કન્ટેન્ટ ડિલીટ કરી નાંખ્યા હતાં અને તેના બદલે અત્યંત અશ્લીલ પોર્ન સામગ્રી અપલોડ કરીને વેપારીને સોશિયલ મીડિયા પર સામાજિક રીતે બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. બદમાશ અરૂણ શર્મા (રહે. પથેરા ગામ, મહેન્દ્રગઢ, હરિયાણા અને દેવીકા ગોલ્ડ સોસાયટી, નોયડા, ઉત્તરપ્રદેશ) ની નજર વેપારીના સોશિયલ મીડિયા ફોલોઅર્સ પર હતી.

તેણે એકાઉન્ટ પર કબજો મેળવ્યા બાદ તમામ ફોલોઅર્સને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણના બહાને મોટી લોભામણી લાલચો આપી ફસાવવાના મેસેજ મોકલવાનું શરૂ કર્યું હતું. આ બનાવની ફરિયાદ થતાં પોલીસે આઈટી એક્ટ અને છેતરપિંડીની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને હરિયાણા અને નોયડાના આ સાયબર ક્રિમિનલને ઝડપી પાડવા માટે સ્પેશિયલ ટીમ રવાના કરી છે.

# કતારગામની બ્લિંક કોમર્સ પ્રા.લિ. કંપનીમાં બીઆઈએસના દરોડા

**દરોડા** દરમિયાન વાયરલેસ નેકબેન્ડ, વાયરલેસ ઈયરબડ્સ, પાવર બેંક અને 112 નંગ એડેપ્ટર જપ્ત કરવામાં આવ્યાં



સુરતઃ બી.આઈ.એસ. (BIS) રજિસ્ટ્રેશન માર્ક વિના વિવિધ ઈલેક્ટ્રોનિક બ્લૂટૂથ નેકબેન્ડ, વાયરલેસ ઈયરબડ્સ, પાવર બેંક, એડેપ્ટર ઉત્પાદનો વેચતી કતારગામમાં આવેલી બ્લિંક કોમર્સ પ્રા.લિ. કંપનીમાં બીઆઈએસના અધિકારીઓ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. ભારતીય માનક બ્યુરો (BIS)ના અધિકારીઓ દ્વારા બ્યુરો તરફથી મળતા બી.આઈ. એસ. રજિસ્ટ્રેશન માર્ક વગર વિવિધ ઈલેક્ટ્રોનિક વાયરલેસ નેકબેન્ડ, વાયરલેસ ઈયરબડ્સ, પાવર બેંક અને એડેપ્ટરના વેચાણ બદલ (મેસર્સ બ્લિંક કોમર્સ પ્રાઈવેટ લિમિટેડ, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, પ્લોટ નં.336/337, કતારગામ, સુરત-395004) પર જપ્તીની કાર્યવાહી કરવામાં આવી હતી.

દરોડા દરમિયાન વેચાણ કરતી આ કંપની પાસેથી વિના બી.આઈ. એસ. રજિસ્ટ્રેશન માર્ક વાળા વિવિધ ઈલેક્ટ્રોનિક ઉત્પાદનો જેમ કે વાયરલેસ નેકબેન્ડ, વાયરલેસ ઈયરબડ્સ, પાવર બેંક અને એડેપ્ટર (કુલ 112 નંગ) જપ્ત કરવામાં આવ્યાં હતાં. બી.આઈ.એસ. રજિસ્ટ્રેશન માર્ક અને રજિસ્ટ્રેશન નંબર વગર ઉપરોક્ત તમામ ઉત્પાદનોનું ઉત્પાદન, વેચાણ તેમજ સંગ્રહ કરી શકાતો નથી. તેથી જ કંપની પર દરોડાની આ કાર્યવાહી કરવામાં આવી હતી.

તા.7 સપ્ટેમ્બર-2012ના રોજ સંચાર અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી વસ્તુઓ (ફરજિયાત નોંધણીની આવશ્યકતાઓ) આદેશ, 2012 અનુસાર ઉપરોક્ત તમામ ઉત્પાદનો પર ફરજિયાત નોંધણી યોજના (CRS) અંતર્ગત માન્ય નોંધણી નંબર (Registration Number) સાથે બી.આઈ.એસ. માનક ચિહ્ન (BIS Standard Mark) અંકિત હોવું અનિવાર્ય છે. એટલે કે, કોઈપણ ઉત્પાદક કે વેપારી બી.આઈ.એસ. રજિસ્ટ્રેશન માર્ક વગર આવા ઉત્પાદનોનું ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ કરી શકશે નહીં. આવું કરતા પકડાવા પર ભારતીય માનક બ્યુરો અધિનિયમ, 2016ની કલમ-17ના ઉલ્લંઘન બદલ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. આ એક દંડનીય ગુનો છે, જે અંતર્ગત બે વર્ષ સુધીની કેદ અથવા ઓછામાં ઓછો રૂ.2,00,000નો આર્થિક દંડ અથવા આ બંને સજાની જોગવાઈ છે.

# PM મોદીનાં 12 વર્ષના કાર્યકાળમાં ભારતીયોનું ગૌરવ વધ્યું: CM

**મોદીએ** વડાપ્રધાન બન્યાના 17 જ દિવસમાં નર્મદા યોજના આડેના અવરોધો દૂર કરી દીધા હતા

ગાંધીનગરઃ ભારતના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીના જનકલ્યાણને સમર્પિત કાર્યકાળના 12 વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ થવાના અવસરે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના તમામ નાગરિકો વતી તેમને અભિનંદન પાઠવ્યા છે. મુખ્યમંત્રીએ વડાપ્રધાનને પત્ર લખીને આ ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ પોતાની શુભેચ્છાઓ વ્યક્ત કરી છે, તેમજ દેશના સર્વાંગી વિકાસ, સુશાસન અને લોકકલ્યાણ માટે તેમના સતત યોગદાનની પ્રશંસા કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના પત્રમાં જણાવ્યું છે કે, વડાપ્રધાનનો 12 વર્ષનો કાર્યકાળ વિશ્વભરમાં ભારત અને ભારતીયોનું ગૌરવ વધારનાર રહ્યો છે. તેમના નેતૃત્વમાં સર્જિકલ સ્ટ્રાઈક, એર સ્ટ્રાઈક અને ઓપરેશન સિંદૂર જેવાં કડક પગલાંઓ થકી ભારતે આતંકવાદને જડબાતોડ જવાબ આપ્યો છે. વડાપ્રધાનએ આપેલો 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'નો કાર્યમંત્ર આજે રાષ્ટ્રીય સંકલ્પ બન્યો છે. મુખ્યમંત્રીએ પત્રમાં જણાવ્યું છે કે, વડાપ્રધાન બન્યાના માત્ર 17 જ દિવસમાં નર્મદા યોજના આડેના અવરોધો દૂર કરી ગેટ મૂકવાની પરવાનગી, વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટી, સાબરમતી રિવરફ્રન્ટ, ગિફ્ટ સિટી, કચ્છમાં સૌથી મોટો હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક, મોઢેરા સોલાર વિલેજ, સાણંદ ખાતે સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, વગેરે જેવી ભેટ થકી ગુજરાત વિકાસના નવા આયામો સર કરી રહ્યું છે. લોથલ મેરિટાઈમ હેરિટેડ કોમ્પ્લેક્સ, સોમનાથ સ્વાભિમાન પર્વ, દ્વારકા, સોમના, અંબાજી કોરિડોર, પાવાગઢ મહાકાળી ધામનો પુનઃવિકાસ અને વડનગર આર્કિયોલોજીકલ મ્યુઝિયમ થકી ગુજરાતમાં 'વિકાસ ભી, વિરાસત ભી'નો મંત્ર ચરિતાર્થ થયો છે.

# રેલવે ટિકિટનો બેનંબરી વેપલો કરનારા સામે RPFનો સપાટો

**ઉધના** ખાતે આવેલા પુષ્પાનગરમાંથી ભાઠેનાના યુવકની ધરપકડ



સુરતઃ ઉધના રેલવે સ્ટેશને રેલવે ઈ-ટિકિટની કાળાબજારી કરતા એક શખ્સને રેલવે સુરક્ષા દળ (RPF) ની ટીમે ઝડપી પાડ્યો હતો. મુખ્ય મથક પાસેથી મળેલી ગુપ્ત માહિતીના આધારે ઉધના RPFના ઉપ-નિરીક્ષક અક્ષય બિરાડે, ASI અશોક પાંડે અને હેડ કોન્સ્ટેબલ દોલત રામ મીણાની ટીમે સઘન તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન પુષ્પાનગર, ભાઠેના વિસ્તારમાં રહેતા 31 વર્ષીય કરણ જશવંતભાઈ લાકડાવાળાને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન આરોપી પાસેથી વ્યાપક પ્રમાણમાં પુરાવા મળી આવ્યા હતા, જે તેની ગેરકાયદે પ્રવૃત્તિઓ સ્પષ્ટ કરે છે. આરોપી પાસેથી એક VIVO કંપનીનો મોબાઈલ ફોન અને પાંચ વ્યક્તિગત IRCTC આઈડી-પાસવર્ડ લખેલી ચિઠ્ઠી મળી આવી હતી. દરોડા દરમિયાન 3 લાઈવ ટિકિટ, જેની કિં. રૂ.22,827 છે અને 11 વપરાયેલી ટિકિટ, જેની કિં.રૂ.52,358 છે, મળી કુલ રૂ.75,185ની કિંમતની ટિકિટો જપ્ત કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ સ્વીકાર્યું હતું કે તે ગ્રાહકો પાસેથી ટિકિટના મૂળ ભાવ ઉપરાંત પ્રતિ નામ રૂ.100થી 200 સુધીનું કમિશન વસૂલતો હતો અને આ કામગીરી માટે તેની પાસે IRCTCનું કોઈપણ માન્ય લાઈસન્સ નહોતું. આરોપીએ પોતાની વ્યક્તિગત આઈડી પરથી ટિકિટ બનાવીને ગેરકાયદે રીતે વેચાણ કરવાનો ગુનો કબૂલ્યો છે, જેના પગલે ઉધના RPF દ્વારા આરોપી વિરુદ્ધ રેલવે એક્ટની કલમ 143(1) હેઠળ ગુનો (UDN/CR-1266/2026) દાખલ કરવામાં આવ્યો છે. નિરીક્ષકના આદેશ બાદ આરોપીને હાલ નોટિસ આપીને મુક્ત કરવામાં આવ્યો છે.

# પોલિએસ્ટર યાર્ન પર પર QCO યથાવત

**QCO** રદ કરવાના કેન્દ્રના નિર્ણય પર સ્ટે આપતો સિંગલ જજનો આદેશ હાઈકોર્ટે રદ કર્યો

**સુરતના** MMF આધારિત ટેક્સટાઈલ ઉદ્યોગને મોટી રાહત

સુરતઃ ગુજરાત હાઈકોર્ટે પોલિએસ્ટર કન્ટિન્યુઅસ ફિલામેન્ટ ફુલી ડ્રોન યાર્ન (Polyester Continuous Filament Fully Drawn Yarn) સંબંધિત બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડના ક્વોલિટી કંટ્રોલ ઓર્ડર રદ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણય સામે સિંગલ જજે આપેલો વચગાળાનો સ્ટે આદેશ રદ કરી દીધો છે. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રાયની ડિવિઝન બેન્ચે કેન્દ્ર સરકારની અપીલ મંજૂર કરતાં નોંધ્યું હતું કે, સિંગલ જજના આદેશમાં સ્ટે આપવા માટે કોઈ તર્કસંગત કારણો દર્શાવવામાં આવ્યાં નહોતાં. આ કેસમાં કેન્દ્ર સરકાર અને અન્ય અરજદારોએ લેટર્સ પેટન્ટ અપીલ (LPA No.419 of 2026) દાખલ કરી હતી. મૂળ અરજીમાં કેન્દ્ર સરકારે 12 નવેમ્બર, 2025ના રોજ બહાર પાડેલા 'રિસિશન ઓર્ડર'ને પડકારવામાં આવ્યો હતો. આ આદેશ દ્વારા "Polyester Continuous Filament Fully Drawn Yarn (Quality Control Orders, 2023)"ને રદ કરવામાં આવ્યો હતો.

ડિવિઝન બેન્ચે પોતાના ચુકાદામાં સ્પષ્ટ કર્યું હતું કે, સિંગલ જજે 6 એપ્રિલ, 2026ના રોજ આપેલા વચગાળાના આદેશમાં એવું એકપણ કારણ દર્શાવ્યું નથી કે જેના આધારે કેન્દ્ર સરકારના નીતિગત નિર્ણયની અમલવારી પર રોક લગાવવી જરૂરી બની હતી.

કોર્ટે વધુમાં જણાવ્યું કે આ પ્રકારનો સ્ટે આદેશ હકીકતમાં અંતિમ રાહત સમાન હતો અને તેનાથી મુખ્ય રિટ અરજીનો જ હેતુ પૂર્ણ થઈ જતો હતો. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, સિંગલ જજ સમક્ષ તમામ પક્ષકારો તેમના વકીલો મારફતે હાજર હતા અને કેસમાં જવાબી સોગંદનામા સહિતની કાર્યવાહી પણ થઈ ચૂકી હતી. તેમ છતાં, વિવાદિત આદેશમાં કેન્દ્ર સરકારના વલણ કે મૂળ અરજદારોની દલીલો અંગે કોઈ ચર્ચા કરવામાં આવી નહોતી.

ડિવિઝન બેન્ચે વધુમાં જણાવ્યું કે, કેન્દ્ર સરકારના રિસિશન ઓર્ડરની કાયદેસરતા અને માન્યતા અંગેના મુદ્દાઓ પર આ તબક્કે કોઈ અભિપ્રાય વ્યક્ત કરવાની જરૂર નથી. કારણ કે, આ મુદ્દાનો નિર્ણય હજુ સિંગલ જજ દ્વારા મુખ્ય અરજીમાં ગુણદોષના આધારે લેવાવાનો બાકી છે.

ચુકાદાના અંતે ડિવિઝન બેન્ચે સ્પષ્ટ કર્યું હતું કે, કેસના તમામ મુદ્દા અને પક્ષકારોની દલીલો ખુલ્લી રાખવામાં આવી છે

## અનુસંધાન

... પાના છેલ્લાનું

### મેટ્રોને બુલેટ...

જોડશે. મજુરા ગેટ ખાતે બંને કોરિડોર વચ્ચે ઈન્ટરચેન્જ સુવિધા ઉપલબ્ધ થશે. સુરત મેટ્રોના ટ્રાયલ રનના સફળ પ્રારંભ બાદ હવે સુરતવાસીઓ માટે મેટ્રોમાં મુસાફરીનું સપનું સાકાર થવાની નજીક પહોંચ્યું છે. અંત્રોલી સુધીનું આ નવું વિસ્તરણ સાકાર થતાં સુરત દેશના એવા શહેરોમાં સામેલ થશે જ્યાં મેટ્રો અને બુલેટ ટ્રેન વચ્ચે સીધી અને આધુનિક કનેક્ટિવિટી ઉપલબ્ધ હશે.

### અધિકારીઓના...

અને કોંગ્રેસ દ્વારા રજૂઆતોનો દૌર ચાલે છે ત્યારે જે રીતે ડિમોલિશનની પાછળના જવાબદારોને બચાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે તે જ આશંકા ભરેલો છે. મનપાના અધિકારીઓથી માંડીને પોલીસ અધિકારીઓ સુધીના તમામ આ ડિમોલિશન વખતે હાજર હોવા છતાં પણ ડિમોલિશન માટે કોની સૂચના હતી તે નામો જાહેર કરવાથી બચી રહ્યા છે. અધિકારીઓના નિવેદનો જ કહી રહ્યા છે કે, બિલ્ડરોના ઈશારે જ ડિમોલિશન કરાયું છે.

### પાલિયા એલિગન્સ...

કોઈ પૂર્વ નોટિસ આપ્યા વિના અને વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વગર ઘરવિહોણા બનાવવામાં આવ્યા છે.' કોંગ્રેસે આ મુદ્દે સીધો સવાલ ઉઠાવ્યો છે કે જો સુરત મહાનગરપાલિકા અને પોલીસ તંત્ર દાવો કરે છે કે તેમણે ડિમોલિશનની કાર્યવાહી કરી નથી, તો પછી બુલડોઝરો કોણે ચલાવ્યા અને કાર્યવાહી કોના આદેશથી થઈ ? ડો. તુષાર ચૌધરીએ મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે નાસીરનગર વિસ્તારમાં સવારે હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન 100થી વધુ મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. પરિણામે ભારે ગરમી વચ્ચે અનેક પરિવારો ખુલ્લા આકાશ નીચે રહેવા મજબૂર બન્યા છે. મહિલાઓ, વૃદ્ધો અને બાળકોની સ્થિતિ અત્યંત દયનીય બની હોવાનું પણ તેમણે જણાવ્યું છે. પત્રમાં દાવો કરવામાં આવ્યો છે કે જે જમીન પર ડિમોલિશન થયું છે તેની સામે આવેલી જમીન પર 'પાલિયા એલિગન્સ' નામનો રહેણાંક પ્રોજેક્ટ વિકસાવવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટને વધારાનો એફએસઆઈ અને વિકાસની મંજૂરી આપવા માટે આસપાસના વિસ્તારને ખાલી કરાવવામાં આવ્યો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. કોંગ્રેસના આક્ષેપોથી સુરતની આ કાર્યવાહી હવે માત્ર વહીવટી મુદ્દો ન રહી રાજકીય રંગ પકડી રહી છે. હવે રાજ્ય સરકાર આ રજૂઆતને કેટલું ગંભીરતાથી લે છે અને તપાસના આદેશ આપે છે કે નહીં, તેના પર સૌની નજર મંડાઈ છે.

### નાસીરનગરમાં દબાણોનું...

કે વર્ષો સુધી આ વિસ્તારમાં દબાણો અસ્તિત્વમાં રહ્યા ત્યારે કોઈએ અવાજ કેમ ઉઠાવ્યો નહીં? હવે ડિમોલીશનની કાર્યવાહી બાદ વિવિધ પક્ષો દ્વારા રાજકીય નિવેદનો કરવામાં આવી રહ્યા છે. મહિલાના જણાવ્યા મુજબ, સુરત મહાનગરપાલિકા હાલ પોતાની માલિકીની જમીન પર કબજો પરત મેળવવાની પ્રક્રિયા હાથ ધરી રહી છે. આગામી દિવસોમાં આ મામલે ખોટો હોબાળો કરનારાઓ સામે કડક વહીવટી કાર્યવાહી થાય તે માટે હું છેક પીએમ અને સીએમ સુધી રજૂઆત કરીશ.

### વિઝાના નામે...

આ એલાનના પગલે દહાણુ તાલુકામાં વેપાર-ધંધા, દુકાનો સજ્જડ બંધ રહ્યા હતા. લોકોએ વેપારીઓએ રિક્ષાચાલકોએ બંધને સમર્થન આપ્યું હતું અને સજ્જડ બંધ જોવા મળ્યું હતું અને આ ઘટનાને વખોડી વિરોધ દર્શાવ્યો હતો. બંધના પગલે પોલીસનો પણ ચુસ્ત બંદોબસ્ત જોવા મળ્યો હતો. વધુમાં એવી પણ માંગ ઊઠવા પામી છે કે ગુજરાતમાં કથિત લવ જેહાદના કિસ્સાઓ રોકવા સરકારે કડક કાયદાઓ બનાવ્યા છે. ગુજરાતમાં લવ મેરેજની નોંધણી માટે માતા-પિતાની સહી ફરજિયાત બનાવવામાં આવી છે. મહારાષ્ટ્રમાં પણ આવા કાયદાઓ બને તે માટે હિંદુ સંગઠનો માંગ કરી રહ્યા છે.

### ભરૂચમાં સસરાએ...

પોલીસ સૂત્રો અનુસાર, ભરૂચના વ્હોરવાડ કોઠી વિસ્તારમાં રહેતા ઝૈનુલ અબ્બાસ ઝનોરવાલા (આરોપી સસરા)એ કોઠી વિસ્તારમાં રહેતી પોતાની પુત્રવધૂ અલીફિયા યુસુફભાઈ ઝનોરવાલા અને ત્યારબાદ વ્હોરવાડ વિસ્તારમાં રહેતી પુત્રવધૂની માતા (વેવણ) શહેનાઝબેન નમકવાલા ઉપર ચપ્પુ વડે ઘાતકી હુમલો કરીને ઘટનાસ્થળે જ મોતને ઘાટ ઉતારી દેતા ભારે હડકંપ મચી ગયો છે.

આ લોહીયાળ હુમલા બાદ સસરાએ પોતાને પણ પહોંચાડ્યા ઘા હત્યાના બે બનાવોને અંજામ આપ્યા બાદ આરોપી ઝૈનુલ અબ્બાસે પોતાના બંને હાથ, પગ અને ગળા પર ચપ્પુ વડે જાતે જ હુમલો કરી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેને ગંભીર હાલતમાં તાત્કાલિક ભરૂચની સિવિલ હોસ્પિટલના ICU વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે.

### બીજાનો જીવ...

યૂડાસમાએ કિરણભાઈના હાથમાંથી ઝેરી દવાની બોટલ ઝૂંટવી લીધી હતી અને 108ની રાહ જોયા વિના ક્રિપાલસિંહની મદદથી કિરણભાઈને કામરેજની હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા. સમગ્ર ઘટના ક્રમ 20થી 25 મિનિટમાં બન્યો હતો.

### પોલીસ કમિશનર...

આરોપીએ ગલ્લાતલ્લા શરુ કર્યા હતાં. ઠગાઈ થઈ હોવાની ખાતરી થઈ જતાં તેમણે ઠગ અનિલ વિભાણી વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ કરતાં ઉમરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### જહાંગીરપુરાના...

ઈન્ટરવ્યુ માટે પણ જવાનો હતો. પરંતુ તે પહેલા જ તેએ મંગળવારે રાત્રે 9 વાગ્યાના સુમારે બેડરૂમના પંખા સાથે ચાદર બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.


**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

**પુણા કુંભારીયા શાખા :** પ્લોટ નં. ૧૨-૧૩, ટાટા મોટર્સ ઓટો પોઈન્ટ નજીક, મુ.મગોબ, તા.ચોર્યાસી, જી.સુરત-૩૯૫૦૧૦ ફોન : ૦૨૬૧-૨૬૪૦૦૨૯, ૨૬૪૦૦૩૦ Email : punsur@bankofbaroda.com

**સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ-સેક્શન (૨) હેઠળ જામીનદારને નોટીસ**

પ્રતિ, **શ્રી બનવારીલાલ વિજયસીંગ તક (જામીનદાર) :**
**સરનામું :** એ-૨૦૧,સુકન રેસીડન્સી, શ્રી નીવાસ, વિદ્યા ભારતી સ્કુલ, કાપોદરા, સુરત-૩૯૫૦૦૬

| | |
|---|---|
| સંદર્ભઃ | **સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ ને નોટીસ, હવે પછી અહીં 'ધી એક્ટ' તરીકે ઉલ્લેખાશે** |
| દેવાદાર | **ખાતેદારનું નામ : શ્રી અનુજ ગિરીશ ચતુર્વેદી (દેવાદાર)** |

મહેરબાનશ્રી,
વિષય : **શ્રી અનુજ ગિરીશ ચતુર્વેદી (દેવાદાર)** દ્વારા લીધેલ ક્રેડીટ ફેસીલીટીમાં તમારી જામીનગીરી અંગે

૧. તમને ખબર છે તે પ્રમાણે તારીખ **૧૬/૧૧/૨૦૧૯** ના રોજ તમે તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓના પેમેન્ટની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે **શ્રી અનુજ ગિરીશ ચતુર્વેદી (દેવાદાર)** ની પાસેથી **હાઉસીંગ લોન** ની ક્રેડીટ રકમ **રૂા.૯,૭૦,૦૦૦/-** વ્યાજ સહિત ના જામીન દસ્તાવેજ પ્રમાણે તમારે જામીનદાર તરીકે અમને નીચેની સિકયુરીટી પૂરી પાડવાની રહેશે નહી. (શુન્ય)

૨. અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ કલાસીફાઈડ નોન-પર્ફોમીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ નોટિસની કોપી જામીનદારને **તા.૨૧/૦૫/૨૦૨૬** સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, તેથી દેવાદાર અસમર્થ સાબિત થતાં ગેરંટી પ્રમાણે તમારે અમને ક્રેડીટ સુવિધાની બાકી રકમ **રૂા.૯,૩૫,૮૪૪.૩૪/- (રૂપિયા નવ લાખ પાત્રીસ હજાર આઠસો ચુમ્માલીસ અને ચોત્રીસ પૈસા પુરા) તા. ૨૧/૦૫/૨૦૨૬ + લાગુ નહી કરેલ વ્યાજ + કાનુની અને અન્ય ખર્ચાઓ** અને અહીં તમને ઠપકો આપીને જણાવીએ છીએ કે, આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે **તા.૨૧/૦૫/૨૦૨૬** મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ).

૩. અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી.

૪. અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્થળાંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) માં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.

૫. અમે તમારૂ ધ્યાન ઉપરોકત અધિનિયમની કલમ ૧૩ ની પેટા કલમ (૮) તરફ દોરવા માંગીએ છીએ, જેમાં શરતો મુજબ જો તમે બેંક દ્વારા લેવામાં આવતા તમામ કોસ્ટ,ખર્ચાઓ, ચાર્જ સહિત બાકીની રકમની ચુકવણી જાહેર હરાજી/ટેન્ડર/ખાનગી સંધી કરાર માટે નોટીસ પ્રસિદ્ધ કરવાની તારીખ પહેલા કોઈપણ સમયે કરો તો તમે સુરક્ષિત મિલકતને છુટી કરી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે ઉપર મુજબની નોટીસ પ્રસિદ્ધ થયા પછી, સુરક્ષિત મિલકત છોડાવવાનો તમારો અધિકાર ઉપલબ્ધ રહેશે નહી.

૬. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ તરીકે ગણવામાં નહિ આવે.

**તા.૨૧/૦૫/૨૦૨૬ । સ્થળ : સુરત** — **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, પુણા કુંભારીયા શાખા.**



**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ** — IDFC FIRST Bank

**(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)**
**CIN : L65110TN2014PLC097792**
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ-૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૦૬.૧૨.૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧.ઝીલ મનીષકુમાર શાહ ૨. કશીષ મનીષ કુમાર શાહ ૩. ઝનકાર એન એક્ષ** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા ૬૭,૮૫,૬૭૭.૪૦/- (અંકે રૂપિયા સડસઠ લાખ પંચ્યાસી હજાર છસો સીત્તોતેર અને ચાલીસ પૈસા પુરા) તા.૨૮.૧૧.૨૦૨૫** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૭ જુન ૨૦૨૬** ના રોજ આ પ્રત્યક્ષ કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા ૬૭,૮૫,૬૭૭.૪૦/- (અંકે રૂપિયા સડસઠ લાખ પંચ્યાસી હજાર છસો સીત્તોતેર અને ચાલીસ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

**મિલ્કત નં.૧**- તમામ ભાગ અને હિસ્સો ધરાવતી જગ્યા જે ક્રોસ રોડ શોપીંગ સેન્ટરની ગ્રાઉન્ડ ફલોર ની દુકાન નં. જી.૨૫ માપ ૪૧૭.૦૦ ચો.ફુટ એટલે કે ૩૮.૭૫ ચો.મી (સુપર બિલ્ટઅપ એરિયા) અને કારપેટ એરિયા માપ ૨૫૦.૨૦ ચો.ફુટ એટલે કે ૨૩.૨૫ ચો.મી મિલકતની જમીન ના વણવહેચાયેલ હિસ્સા સહિત વિકાસ અને બાંધકામ જમીન રેવન્યુ સર્વે નં. ૬૭/૩, ૬૭/૪, ૬૭/૫, બ્લોક નં.૮૦ માપ ૨૭૭૯.૦૦ ચો.મી બિનખેતી જમીન પૈકી માપ ૨૫૮.૦૦ ચો.મી જમીન રોડ માં કપાયેલ ત્યાર પછી ની બાકી જમીન ૨૫૨૧.૦૦ ચો.મી, ટી.પી. સ્કીમ નં. ૭૦ (છાપરાભાઠા) ફાઈનલ પ્લોટ નં.૩૬ પૈકી, મોજે.ગામ.છાપરાભાઠા, સબ.ડિસ્ટ્રીકટ અને તાલુકા. સુરત શહેર, જી. સુરત ગુજરાત રાજય ખાતે આવેલ છે.જેની ચર્તુદીશા : **પુર્વે :** જોડેનો દુકાન નં.જી-૨૬,, **પશ્ચિમે :** દાદર અને લીફટ, **ઉત્તરે :** જગ્યા **દક્ષિણ :** પેસેજ

**મિલ્કત નં.૨**- તમામ ભાગ અને હિસ્સો ધરાવતી જગ્યા જે ક્રોસ રોડ શોપીંગ સેન્ટરની ગ્રાઉન્ડ ફલોર ની દુકાન નં. જી.૨૬ માપ ૪૧૭.૦૦ ચો.ફુટ એટલે કે ૩૮.૭૫ ચો.મી (સુપર બિલ્ટઅપ એરિયા) અને કારપેટ એરિયા માપ ૨૫૦.૨૦ ચો.ફુટ એટલે કે ૨૩.૨૫ ચો.મી મિલકતની જમીન ના વણવહેચાયેલ હિસ્સા સહિત વિકાસ અને બાંધકામ જમીન રેવન્યુ સર્વે નં. ૬૭/૩, ૬૭/૪, ૬૭/૫, બ્લોક નં.૮૦ માપ ૨૭૭૯.૦૦ ચો.મી બિનખેતી જમીન પૈકી માપ ૨૫૮.૦૦ ચો.મી જમીન રોડ માં કપાયેલ ત્યાર પછી ની બાકી જમીન ૨૫૨૧.૦૦ ચો.મી, ટી.પી. સ્કીમ નં. ૭૦ (છાપરાભાઠા) ફાઈનલ પ્લોટ નં.૩૬ પૈકી, મોજે.ગામ.છાપરાભાઠા, સબ.ડિસ્ટ્રીકટ અને તાલુકા. સુરત શહેર, જી. સુરત ગુજરાત રાજય ખાતે આવેલ છે. જેની ચર્તુદીશા : **પુર્વે :** જોડેની દુકાન નં.જી-૨૭,, **પશ્ચિમે :** જોડેની દુકાન નં.જી-૨૫, **ઉત્તરે :** જોડેની જગ્યા **દક્ષિણ :** પેસેજ

**મિલ્કત નં.૩**- તમામ ભાગ અને હિસ્સો ધરાવતી જગ્યા જે ક્રોસ રોડ શોપીંગ સેન્ટરની ગ્રાઉન્ડ ફલોર ની દુકાન નં. જી.૨૭ માપ ૪૧૭.૦૦ ચો.ફુટ એટલે કે ૩૮.૭૫ ચો.મી (સુપર બિલ્ટઅપ એરિયા) અને કારપેટ એરિયા માપ ૨૫૦.૨૦ ચો.ફુટ એટલે કે ૨૩.૨૫ ચો.મી મિલકતની જમીન ના વણવહેચાયેલ હિસ્સા સહિત વિકાસ અને બાંધકામ જમીન રેવન્યુ સર્વે નં. ૬૭/૩, ૬૭/૪, ૬૭/૫, બ્લોક નં.૮૦ માપ ૨૭૭૯.૦૦ ચો.મી બિનખેતી જમીન પૈકી માપ ૨૫૮.૦૦ ચો.મી જમીન રોડ માં કપાયેલ ત્યાર પછી ની બાકી જમીન ૨૫૨૧.૦૦ ચો.મી, ટી.પી. સ્કીમ નં. ૭૦ (છાપરાભાઠા) ફાઈનલ પ્લોટ નં.૩૬ પૈકી, મોજે.ગામ.છાપરાભાઠા, સબ.ડિસ્ટ્રીકટ અને તાલુકા. સુરત શહેર, જી. સુરત ગુજરાત રાજય ખાતે આવેલ છે. જેની ચર્તુદીશા : **પુર્વે :** જોડેની દુકાન નં.જી-૨૮,, **પશ્ચિમે :** જોડેની દુકાન નં.જી-૨૬, **ઉત્તરે :** જોડેની જગ્યા **દક્ષિણ :** પેસેજ

**તારીખ : ૦૭-૦૬-૨૦૨૬**
**સ્થળ : ગુજરાત**
**લોન ખાતા નં.: ૧૪૨૫૧૫૧૩૧**

**સહિ/- અધિકૃત અધિકારી, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી**